સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

**ખૂની કોઇ ગૂંડા, અપહરણ કર્તા, ગુન્હેગાર છે,
જીતી જાય મેલી રમતથી, પ્રજાના ગુન્હેગાર છે,
ગુન્હેગાર છે પ્રજાતંત્રના ચૂંટાય બદ-ઇરાદે -
આવાને કરે પસંદ એ પ્રજા પણ ગુન્હેગાર છે..
(૧૮૨ માં ૫૭ આરોપી - ગુનેગારો)**

**વીરભદ્રની
'છઠ્ઠી' શપથવિધિ,
શાંતિ-પૂર્વક!!**

**'સુરક્ષા' માંગે
લીધો ભોગ નિર્દોષ
રક્ષા કર્મીનો..**

ચિંતન

**સદ્યં હૃદયં યસ્ય ભાષિતં સત્ય ભૂષિતમ્ ।
કાયઃ પર હિતો યસ્ય કાલસ્ય કરોતિ કિમ્ ॥**

'જેનું હૃદય દયાદ્ર-કોમળ-દયાળુ હોય, વાણી પણ વિનય-વિવેક સત્યથી શોભતી હોય, અને જેની કાયા, શરીર પર હિત-બીજાની સેવા માટે જ હોય એને તો મૃત્યુ પણ શું કરી શકે?'

સજ્જન-સંત-સ્વભાવ દયાળુ-લાગણીશીલ હોય છે આપણે, આપણા પરિવારિક પરિચિતો-સંબંધીઓ-મિત્રો-આસપાસના સમાજ પ્રત્યે તો આપણી લાગણી-પ્રેમ-દયાભાવ હોય જ એમાં કોઇ શંકા નથી. પણ જેનું હૃદય બધા જનસમૂહ-અપરિચિત-દુષ્ટ-દુર્જન પ્રત્યે પણ પશુ-પંખી-પ્રત્યેક જીવ પ્રત્યે પણ દયા હોય છે. આવા કોમળ હૃદયમાં કામ-ક્રોધ-લોભ-મોહ તો ક્યાંથી હોય?

સદ્ગુણી-અભ્યાસી-સ્વાધ્યાયી-સત્સંગી ભક્તજન શાસ્ત્ર અને ધર્મના અભ્યાસને કારણે ક્રોધને હૃદયમાંથી તિલાંજલિ આપી દે છે કોઇ ગમે તેવાં અપમાનજનક-કઠોર-ક્રોધમાં ગમે તેમ- ગમે તેવું બોલે પણ 'જ્ઞાની' માણસ પોતાના વિનય-વિવેકનો ત્યાગ કરતો નથી.

આપણને ભોગ-વાસના માટે જુવાનીમાં શરીરને સાચવીએ છીએ. રોગથી બચવા અને જીજીવિષા માટે પણ શરીર સાચવીએ છીએ. હકીકતમાં પરહિત-લોકસેવા-દીન-દુખીયાંની સેવા માટે 'શરીર' સાચવવું જોઇએ.

આવા દયાળું, વિનયી-વિવેકી-સેવક હૃદયને મૃત્યુનો ભય તો ક્યાંથી જ હોય.

સુવિચાર

- **સંગ્રહન એટલે બધા એક માટે, અને એક બધા માટે - એલેક્ઝાંડર ડૂમા**
- **સંગઠિત થઇને પ્રાણ આપવો એ ઉત્તમ છે નહીંતર આપણને અલગ-અલગ પ્રાણ તો આપવો જ પડશે - ફ્રેંકલિન**
- **વિશ્વ બંધુત્વની ભાવનામાં, એક થઇને રહેવામાં, જૂઓ તો ખરા, કેટલો આનંદ આવે છે! - બાઇબલ**
- **સંગઠિત થઇને નાના નાના રાજય ઉત્તમ દેશ પણ થઇ શકે પરંતુ વિભિન્ન થવાથી મોટાં રાજયો નષ્ટ પણ થઇ શકે છે - સાલસ્ટ**
- **સંગઠિત થઇને આપણે દુશ્મન સામે ઊભા રહી શકીશું વિભાજિત થતાં જ પડી જવાય, પતન થશે - પર્લ બર્ક**
- **જે સંગ્રહનમાં અનીતિ, અધર્મ અને સત્ય પાયારૂપ હોય તે વિનાશને માર્ગે જ લઇ જાય છે - એસ. ભટ્ટાચાર્ય**
- **સલાહ તો અનેકને મળતી હોય છે પણ એનો લાભ તો કોઇ વીરલા જ ઉઠાવે છે- સાલસ્ટ**

બોધ કથા

જપ-તપ-અપવાસ-માળા-નિયમો-બાધા-યોગ-ધ્યાન એ 'સાધ્ય' નથી, પણ ઇશ્વર તરફનાં શ્રદ્ધા અને વિશ્વાસ કેળવવા માટેના પગથિયાં જ છે. આ બધું કરવાથી ઇશ્વરની નજીક જવાની 'ટેવ' પડે છે. શ્રદ્ધા કેળવાય છે વિશ્વાસને પ્રોત્સાહન મળે છે.. શુધ્ધ સાત્ત્વિક-સત્યાચરણનું જીવન એ જ 'ધર્મ' છે એ માર્ગે જવાના આ બધાં સાધન છે. ટેવની કેળવણી છે.

એક મહાત્મા એક સંસારીને ત્યાં દરરોજ ભિક્ષા લેવા જતા, સાસુ-સસરા તો ધર્મિષ્ઠ હતા. મહાત્માને એમના ખપ જેટલું 'સીધું' (લોટ-ઘી-ગોળ-શાક) આપતા. પણ વહુને એ ખટકતું.

એકવાર સાસુ-સસરા યાત્રાએ ગયાં. મહાત્મા એકાદ ઘેરથી લોટ માગી પોતાનો નિયત સીધો લેવા એ ભાવિકને ત્યા આવ્યા. વહુએ તો સુપડીમાં એકઠી કરેલી ચૂલાની રાખ, મહાત્માના ખપ્પરમાં નાખી. મહાત્માને એમ કે બાજરાનો લોટ છે! પણ ધ્યાનથી જોયું તો સમજાયું કે આ તો 'રાખ' છે જે લોટ મળ્યો હતો એ પણ બગડ્યો.

મહાત્મા તો 'બેટી ભલા કરે' કહીને ચાલતા થયા. વહુને નવાઇ લાગી. મહાત્મા ગુસ્સે કેમ થયાં? કારણ પૂછ્યું, મહાત્મા કહે બેટા, તેં સાવ ના નથી પાડી, રાખ તો રાખ, આપવાની ટેવ તો પડી છે ક્યારેક તું અનાજ પણ આપી દઇશ!

જેમની પાસે આ દેશનો કાયદો અને વ્યવસ્થામાં સુધારો કરવાની સત્તા છે તે જ આમ રડવા બેસી જાય તો આપણે શું કરવાનું ?!

સ્પંદન ડોટ્ કોમ

- ડો. અનિલ ચૌહાણ

ભારતના કશ્મીરમાંથી સાઉદી અરેબીયામાં એકલો કમાવા ગયેલો નવો સવો ડોક્ટર નામે ઈરફાન.... માંડ હજુ ત્યાં છ એક મહિના રહ્યો હશે ત્યાં એક દિવસ, અચાનક તેના ઘરે પોલીસ આવીને ઉભી રહી... પોલીસ સાથે જે વાતચીત થઈ તેનો અનુવાદ આ મુજબનો હતો.

'સર, આપનું નામ ?'

'ડો.ઈરફાન'

'આઈ.ડી.પ્રુફ ?'

ઈરફાને આઈ.ડી.પ્રુફ બતાવ્યું.

'યુ આર અંડર એરેસ્ટ !!'

'પણ કેમ ?' ઈરફાન ભયથી છળી ઉઠ્યો.

'સર !!' (ગુનેગારને પણ આ લોકો 'સર' કહે છે.)

'સર, તમે ગઈ કાલે સાંજે શોપીંગ મોલમાં ૭.૩૨ મીનીટે મોલમાં ફરી રહેલી લેડી સામું ઘારી-ઘારીને ત્રણ વખત જોયું હતું. પહેલા ચાર સેકન્ડ, પછી બાર સેકન્ડ અને છેલ્લે પાંચ સેકન્ડ.....'

'ઈમ્પોસીબલ, હું તો અહીં કોઈનેય ઓળખતો નથી, મને આવું કશું યાદ જ નથી.'

'વી હેવ પ્રુફ...' કહીને પોલીસ અધિકારીએ મોલના સી.સી. કેમેરાના વીડીયો ફુટેજ બતાવ્યા.

ઈરફાનના પક્ષે તો કશુંય બોલવાનું હતું જ નહીં. સજાના ભાગરૂપે પોલીસની વાનમાં બેસાડીને શહેરથી કેટલાય કિલોમીટર દૂર નિર્જન રણની વચ્ચોવચ્ચ એકલો છોડી દેવાયો.

ઈરફાને, પોલીસની ગાડીના પૈડાના, રણમાં પડેલા નિશાનોને આધારે માંડ-માંડ રસ્તો શોધતાં-શોધતાં ચાલ્યા કર્યું. એક તરફ ઠંડી, ને રણનો વંટોળ, સુરજની દિશાને આધારે માંડ માંડ ચાલતો રહ્યો. જોકે એનું નસીબ સારું કે ,એ ડોઢ દિવસની ભૂખ, તરસ ને રઝળપાટ પછી તે પોતાના શહેરમાં પહોંચી શક્યો. એ જેવો શહેરમાં પહોંચ્યો કે તરત જ ,ત્યાંના મિત્રની મદદથી ઈન્ડીયા પરત આવવાની ફ્લાઈટ પકડી. દિલ્હી ટ્રેનિંગમાં મળેલા આ ઈરફાનના શબ્દો હતા... "ઈસકે બાદ મૈને કભી સાઉદી નહી દેખા... 'મેપ' મેં ભી નહીં !!"

આ થયો કાયદાનો એક છેડો, જ્યાં કોઈપણ ગુનેગારને માફીની જોગવાઈ નથી. આ કાયદાઓ તમને વધુ પડતા કડક લાગતા હશે તો એક વાત કાન ખોલીને સાંભળી લેજો... ત્યાં રાત્રે બાર વાગે નિર્જન વિસ્તારમાં એકલી સ્ત્રીને જવું પડે તો પણ ,તે સ્ત્રીને લેશમાત્ર ભય નથી લાગતો.

હવે જોઈએ કાયદો અને વ્યવસ્થાનો બીજો છેડો.

એક નર રાક્ષસ પાંચ સાત વર્ષના ઘર-આંગણે રમતા કુમળા બાળકોનું અપહરણ કરી નાંખે છે. નાનકડા બાળકના શરીરને બાંધીને ,જીવતા શરીરમાં છરી ભોંકી ભોંકીને કાળજું ઉર્ફે લીવર બહાર કાઢી લે છે. તે માંસ રાંધીને ખાઈ જાય છે આ બાળક તો માત્ર આજનું જ ભોજન છે આવતી કાલે બીજું બાળક, પછી ત્રીજું... એમ અનેક બાળકોની હત્યા પછી આખરે આ નર રાક્ષસની ધરપકડ થાય છે.

ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ગાંધીનગર ખાતે તેને લવાયો ત્યારે તેને જોવા લોકોના ટોળેટોળા ઉમટે છે. પાંચ-સાત દિવસ સુધી એ મીડીયામાં ચમક્યા કરે છે... (નામ ? ભુલી ગયા ને....!! સુરિન્દર કોલી.) અત્યારે જેલમાં તે જેલ સુધારણા કાર્યક્રમ અંતર્ગત તે મજા-આનંદમાં છે.!!

આ છે કાયદો વ્યવસ્થાનો નિમ્નતમ છેડો.

અંધેરીનગરી ને ગંડુરાજાની કવિતા આપણને એટલી તો સદી ગઈ છે કે આપણે આજે પણ તે વ્યવસ્થાને બદલવા માંગતા નથી.

ભારતમાં જેટલા પ્રકારના સુરક્ષા દળો અને પોલીસ અસ્તિત્વમાં છે તે તમામ પ્રકાર જે શહેરમાં ઉપલબ્ધ હોય તેવી દેશની એકમાત્ર જગ્યા એટલે દિલ્હી.

એકવીસ વર્ષની મેડીકલ સ્ટુડન્ટ પર પાંચ પાંચ નરાધમોએ... પાશવી અત્યાચાર આચર્યો, આટલું ઓછું હોય તેમ, જે શરીરમાં ટાંકણી અડે તોય વેદનાનો ચિત્કાર નીકળી જાય એ શરીરમાં, લોખંડનો સળીયો પરોવી દીધો. આ અર્ધબેભાન, મૃતઃપાય, નિર્વસ્ત્ર સળીયા સહિતના શરીરને ,રોડ પર નાંખી દઈને ગુનેગારો ભાગી છુટ્યા.

મને લાગે છે કે અહીં "પાશવી અત્યાચાર" શબ્દ મેં ખોટો લખ્યો છે. તમે ક્યારેય ચાર-પાંચ નર પ્રાણીઓ ભેગા થઈને એક માદા પ્રાણી પર અત્યાચાર કરતાં જોયા છે ?!!

બીજા દિવસે મોટા અક્ષરે હેડ-લાઈન આવી. 'સાંસદ જયા બચ્ચન રાજ્યસભામાં રડી પડ્યા'

વાંચીને દુઃખ થયું. ઘણુ દુઃખ થયું.

વાત છે, ઓગણીસો નેવુંની... સ્પેશિયાલીસ્ટ બનવા, એમ.ડી.ની અંતિમ કલીનીકલ પરીક્ષા, જે સાચા દર્દીની હાજરીમાં લેવાતી. ત્યાં પરીક્ષક (જે સિનિયર ડોક્ટર જ હોય) દ્વારા 'ઈમર્જન્સી મેડીસીન' ના કેટલાક પ્રશ્નો, પરીક્ષા આપનાર વિદ્યાર્થિનીને પુછાયા. ડોક્ટર વિદ્યાર્થીની નર્વસ થઈ ગઈ. રડવા લાગી, પરીક્ષકે પાણી મંગાવ્યું, પછી છોકરીને થોડું ઘણું પાસ થવાય એટલું આવડ્યું પણ ખરું.!! પણ છેલ્લે માર્ક મુકતી વખતે પરીક્ષકે કહ્યું.... 'તને આવડે છે છતાં હું ફેઈલ કરું છું, કદાચ અત્યારે તું એમ.ડી. થઈ જાય અને તારા દવાખાનામાં એક સાથે પાંચ હૃદયરોગના દરદી આવે ને તું આમ રડવા બેસી જાય તો ...?!! પહેલા મનને મજબુત બનાવ. એમ.ડી. તો તું આવતે વર્ષે પણ પાસ કરી નાખીશ.'

(બીજે વર્ષે એમ.ડી. પાસ થયેલી એ છોકરી આજે અમેરીકામાં ક્રીટીકલ કેર સ્પેશીઆલીસ્ટ છે.)

હા...તો... અમારા માનનીય સંસદ સભ્ય, અમે તમને ત્યાં સક્ષમ કાયદાઓ ઘડવા અને તેનો અમલ કરાવવાનું તંત્ર રચવા મોકલ્યા છે નહીં કે આમ પોક મુકીને રડવા...

જેમની પાસે, આ દેશનો કાયદો અને વ્યવસ્થામાં સુધારો કરવાની સત્તા છે તે જ આમ રડવા બેસી જાય તો આપણે શું કરવાનું ?! ઢાંકણીમાં પાણી લઈને..... જવાદો.

હવે શું ?

ચાર-પાંચ દિવસ અન્ના હજારેના જુવાળની જેમ 'વી વોન્ટ જસ્ટીસ' ની બુમો પાડીશું. હાથમાં મીણબત્તીઓ પકડીને ફોટા પડાવીશું. મિત્રવર્તુળોમાં આમ કરવું જોઈએ ને તેમ કરવું જોઈએ ના બણગા ફુંકીશું.

પછી.... પછી....!! પુરૂં.

નયના સહાણેને નાન બનાવવાના મોટા તંદુરના ભઠ્ઠામાં જીવતી ભુંજી નાંખી હતી તે અત્યારે આપણે યાદ રાખીને શું કામ છે ?

હવે દિલ્હીવાળા આરોપીઓનું શું થશે ? ફરીયાદીઓ ફરી જશે કે હોસ્ટાઈલ જઈ જશે. કેસ ચાલશે.... ચાલતો રહેશે.... મુદ્દતે મુદ્દતે કોર્ટોના ધક્કા ખાઈ ખાઈને ,આરોપીઓના એના એ નરાધમ ચહેરાઓ જોઈ જોઈને, ફરીયાદી ખુદ કંટાળશે. જો બધું સમુંસુતરું ચાલશે ને આરોપીઓને સજા થશે તો વધુમાં વધુ સાત વરસની જેલ. એ જેલમાં પાછો જેલ સુધારણા કાર્યક્રમ ચાલતો હશે. નરાધમ આરોપીઓ, જે કાચી ઝુંપડપટ્ટીમાં રહેતા હતા તે હવે... પાકી જેલમાં રહેશે.... નિયમિત જમશે, ટાઈમ પાસ કરવા જેલમાં નાનો મોટો હુન્નર કરશે, ઈગ્નુ નામની ઓપન યુનિવર્સિટીના કલાસીસ કરશે, બિરીયાની મહેફીલ કરશે, ટુંકમાં ગુના પહેલાની જીંદગી કરતાં, મજાની જીંદગી જીવશે.

અને બીચારી (?!!) આ કન્યા ? આમ તો આટલા સમય વેન્ટીલેટર પર હોય તેવી વ્યક્તિઓ ભાગ્યે જ જીવી શકે છે પણ આ કન્યા જો કદાચ જીવી જશે ને પોતાની સાચી ઓળખાણ આપશે તો... જ્યાં જશે ત્યાં, જીવનભર.... લોકો તેને જોવા ઉમટશે.

કોઈ છોકરો કદાચ તેને પરણશે તો આપણે એ છોકરા પર અહોભાવથી ગદ્‌ગદ્ થઈ જઈશું.... કે આણે, આવી (?!!) છોકરીનો હાથ ઝાલ્યો.

એ છોકરી જ્યાં હશે ત્યાં ,આપણે એને ઓળખતાં હોઈશું તો ,આંગળી ચીંધી ચીંધીને સહુને બતાવતા રહીશું.... 'ના ઓળખી ?!!.... આ ...પેલી....!!'

(વધારે લખવાની તાકાત નથી અહીથી બસ કરું.)

ડિવાઇડ એન્ડ રૂલની નીતિ મૂરખાઓ પર કારગત નીવડે, સમજદાર પર નહિ, નારદજી કાચા કાનને ભંભેરી શકે પાકા કાનને નહિ

સખીને પત્ર

- સ્વાતિબા રાઓલ

પ્રિય સખી,

બપોરના બાર વાગ્યા છે. ટાબરિયાંઓને શાળાએ વળાવી હળવી થયેલી ગૃહિણીઓની એક નાનકડી મંડળી લીમડા નીચે જામી છે. અને એકતા કપૂરની સિરીયલમાં થતી નણંદ - સાસુ - જેઠાણી અને છેવટે બિચારો પતિની ફરિયાદો, વાતોનું નમકીન ચવાણુ આપ-લે થતું હતું. આ જમાડવામાં એક બહેન એળાં હતા જેઓનો પતિ સાથેના છૂટાછેડાનો કોર્ય કેસ ચાલતો હતો. તે બહેને આપવીતી જણાવતાં કહ્યું કે, "અમારે પતિ-પત્નીને તો સારૂં જ બનતું હતું... પરંતુ મારી નણંદ વારે ઘડીએ મારા પતિને ચાવીઓ ટાઇટ કરીને ચડાવતી હતી તેથી અમારી વચ્ચે ઝઘડા થતાં... આમ તો મારા પતિ ઘણાં સારા સ્વભાવના, મારૂં ધ્યાન પણ ઘઉં રાખે... પણ મારા સાસુથી આ બધું જોયું ન જાય એટલે અમને ઝઘડાવવાના ધંધા કરે... મારા પતિને તો કાયદો-કાનૂન કશી ખબર જ ના પડે પણ મારા સસરા બહુ પહોંચેલી માયા છે... એટલે જ કોર્ટ કેસ કરવાની સલાહ આપીને અમારે કોર્ટના ધક્કા ખાવા પડે છે." અનેક રીતે દલીલો કરી તે બહેને મંડળીના મનમાં ઠસાવ્યું કે, પતિ-પત્નીને તો મનમેળ જ હતો પરંતુ થર્ડ પાર્ટીએ તેમની વચ્ચે લડાઇ કરાવી! આમેય, બે પાર્ટી વચ્ચે વાંધો પડે ત્યારે ત્રીજી પાર્ટીનો વાંક કાઢવાનું સહેલું પડે છે.

ભારત પાકિસ્તાનના ભાગલા પડ્યા, વાંક કોનો? બ્રિટનનો! સમાજ કોમવાદ-જાતિવાદ-પ્રાંતવાદના મામલે વિભાજીત થઇ રહ્યો છે. વાંક કોનો? નેતાઓને! પતિ-પત્ની ઝઘડ્યા. વાક કોનો? સાસુ કે નણંદનો! બાળકો બગડ્યાં. વાક કોનો? ટીવીનો! શિક્ષણ ખાડે ગયું. વાંક કોનો? સિસ્ટમનો! છોકરા, આઇ.એ.એસ.ની પરિક્ષામાં પાછાં પડે છે. વાંક કોનો? બિહારીઓનો. ચોરી વધી, ગુંડાગીરી વકરી, ભાવવધારો, ફુગાંવો, જેવી સમસ્યાઓથી માંડીને મને ગુસ્સે કેમ આવ્યો? એવી અંગત સમસ્યાઓ માટે કોઇ ત્રીજાને જ દોષિત ઠેરવવો વધુ સહેલું પડે છે. પણ... એક મિનિટ!

શું ભારત-પાકિસ્તાનના ભાગલાં અંગ્રેજોએ પડાવેલાં? ગોરાઓનો વાંક કાઢતાં પહેલાં જરા આપણી મથરાવટી પણ ચેક કરવા જેવી છે. ભાષાવાર રાજયોની વહેંચણી બ્રિટીશરોએ નહોતી કરી, શું કામ? એમને ઝાઝા ભાગલા કર્યા વગર શાસન કરતાં આવડતું હતું. મહારાષ્ટ્રમાં બિહારી - મરાઠીની બબાલ ઇસ્ટ ઇન્ડિયા કંપનીની દેણ નથી. બાબરી ધ્વંસ કોઇ અંગ્રેજ ગવર્નરે નહોતો કરાવ્યો, મતબેન્ક ઉભી કરવા માટે પાસ થતાં અનામતના બિલો કે, બાંગ્લાદેશી ઘૂસણખોરી માટે આંખ આડા કાન કરવા કે જાતિવાર ઉમેદવારો ઉભા રાખી જાતિવાદને પોષવાની ભારતીય નેતાઓની લુચ્ચાઇમાં અંગ્રેજોનો કોઇ હાથ નથી. ગુજરાતની તાજેતરમાં ચૂંટણીઓમાં જાતિવાદને જે રીતે ઉત્તેજન આપવામાં આવ્યું તે આપણા રાજકારણની વરવી બાજુને દર્શાવે છે. આ બધું આપણું ઓરિજિનલ 'સર્જન' છે. ભાગલા પાડવાની આપણને પહેલેથી જ સારી ફાવટ રહી છે. એ માટે આપણે બ્રિટીશરોના ઓશિયાળાં રહીએ તેવાં નથી. મૃણાલ સુમનના એક હિંદી લેખમાં તેમણે ભાગલા બદલ બ્રિટનનો કોઇ વાંક ન ગણાવતાં એક નાનકડી દલીલ એવી પણ કરી છે કે બ્રિટનનો રાજવી પરિવાર લગ્ન દ્વારા વ્યહાત્મક જોડાણોને પોષતો રહ્યો છે. જ્યારે ભારતની સ્વયંવર પધ્ધતિ મોટા ભાગના કિસ્સામાં ઝઘડા અને ભાગલાનું કારણ બનતી હતી. કન્યા એક યુવરાજને પસંદ કરે એટલે નાપાસ થયેલાં બાકીનાને વાંકુ પડે.

ટૂકમાં દેશના ભાગલાથી માંડીને ઘરના ભાગલા સુધી કે કોમવાદ યા જાતિવાદ માટે કોઇ અન્ય નહિ આપણે જ આપણી જવાબદારી સ્વીકારવી રહી. આપણી એટલે કોની? જેના પર બ્લેમ કરીએ છીએ તેની નહિ જે બ્લેમ કરે છે તેની પોતાની. પ્રજામાં ફાટફૂટ પડે એમાં નેતાઓને ફાળો તો હોય છે, પરંતુ મૂળ વાત એ છે કે પ્રજા પોતે જબ્બર સંપીલી નથી એનો લાભ નેતાઓ લે છે. પતિ કે પત્ની મનમેળ હોય તો કાજીની જરૂર પડતી નથી તેમ કોર્ટ કેસ કે છૂટાછેડાની પણ જરૂરિયાત રહેતી નથી. હકીકત એ છે કે નેતા હોય કે અન્ય પરિબળ જેને ભાગલા પાડવાથી લાભ થતો હોય તે તમારામાં રહેલી તિરાડ શોધવાની ફિરાકમાં હોય છે. તિરાડ મળી જાય એટલે તેઓ કામે લાગી જાય. માર હથૌડા! ને જનતા (એટલે કે આપણે જ તો) એટલી ભોટ કે આવા ભાગલાવાદી પરિબળોના દોરવાયા દોરવાઇએ.

મુસ્લિમ તુષ્ટિકરણ દ્વારા સોનિયાજી કે હિન્દુ ગૌરવની દુહાઇ આપીને અડવાણીજી જ્યારે હિન્દુ-મુસ્લિમ તિરાડ વધુ પહોળી કરે ત્યારે જનતા એમ કહીને તેમને રોકતી કેમ નથી કે -

"ઠોકર ન લગાના,
હમ ખુદ હૈ ગિરતી હુઇ દિવારોંકી તરહ..."

- ઊલટાનું પ્રજા તો નીકળી પડે હાથમાં ત્રિશૂલ લઇને, સાથે મુસ્લિમ ટોપી ચડાવીને કે ઉમિયા કે ખોડલના નામે. આવામાં ઝઘડો કરાવનાર 'નારદ' તરીકેની ક્રેડિટ નેતાને આપવામાં આવે તો પણ, એમનાં ચઢાવ્યે ચઢી બેસવાની જે મૂર્ખામી દાખવવામાં આવે છે તેની ક્રેડિટ તો જનતાને જ મળે. ડિવાઇડ એન્ડ રૂલની નીતિ મૂરખાઓ પર કારગત નીડવે, સમજદાર પર નહિ, નારદજી કાચા કાનને ભંભેરી શકે પાકા કાનને નહિ.

અંગત સંબંધોમાં પણ આ જ વાત લાગુ પડે. કોઇ અન્યની વાતોમાં આવી જઇ પોતાના જ ઘરને બાળતાં કે તોડતાં તો મૂર્ખ શિરોમણી જ કહેવાય. સગા-વ્હાલાઓની ડબડબથી પતિ-પત્નીના કે અન્ય લોહીની સગાઇજન્ય સંબંધો બગડે તો સમજવું કે મૂળ તો ખાટલામાં પણ થોડી ખોડ હોવાથી ખાટલો તૂટ્યો.

કોઇ રડ્યા - ખડ્યા કિસ્સામાં, બે પાર્ટી વચ્ચેનાં અણબનાવની પૂરેપૂરી જવાબદારી ત્રીજી પાર્ટી પર ઢોળાય તો પણ, આવાં કિસ્સા અપવાદ ગણી શકાય, નિયમ નહિ, નિયમ તો એ જ છે કે બે પાર્ટી દિલોજાનથી જોડાઇ રહેવા માગતી હોય તો ત્રીજી પાર્ટી માથું પટકીને મરી જાય તો પણ બે પાર્ટી વિખૂટી ન જ પડે. આ તો મારૂં માનવું છે. તારૂં શું મંતવ્ય છે? સખી, જરા લખી મોકલને?

પ્રેરણા વિદ્યાલય, પ્લોટ નં. ૩૪૦, સે-૫'એ'

- તારી સ્વાતિ

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૭મી ડિસેમ્બર

- **ઉર્દૂ ભાષાના મહાન કવિ મીર્ઝા ગાલિબનો જન્મદિન - ૧૭૯૭.**
- **૧૯૩૪ - પર્શિયાને ઇરાન નામ અપાયું.**
- **IMF ઇન્ટરનેશનલ મોનીટરી ફંડ - આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ - સંસ્થા અને વિશ્વબેંકની સ્થાપના.**
- **જહોન કેપલર - જર્મન ખગોળશાસ્ત્રીનો જન્મદિન.**

- **૧૮૨૨ - રોગો જંતુજન્ય છે એવી તબીબીક્ષેત્રે મહત્ત્વની શોધ કરનારા વૈજ્ઞાનિક લુઇ પાશ્ચરનો જન્મ.**
- **એજ તારીખે નવસારીના લેખક સાહિત્યની રંગભૂમિના ભાવિક ભક્ત સોરબજી મંચેરજી દેસાઇનું અવસાન.**

ગર્ભાવસ્થા દરમિયાન માતાએ સ્વાધ્યાય, સારૂં વાચન, ઈશ્વર સ્મરણ, સાત્વિક ખોરાક આદિ પ્રયોજવા જોઈએ

ગર્ભનો માસાંતર વિકાસ
નિરામય

- ડો. કેદાર ઉપાધ્યાય

આયુર્વેદ એક સંપૂર્ણ શાસ્ત્ર છે. આ એટલા માટે કહી શકાય કારણ કે આધુનિક તબીબી શાસ્ત્રમાં પડાયેલ દરેક વિભાગ (જેવા કે ગાયનેક, મેડિસીન આદિ) નું વર્ણન આયુર્વેદમાં પણ જોવા મળે છે. એટલું જ નહિ, આયુર્વેદમાં સ્વસ્થ કેવી રીતે રહેવું અને માનસિક સ્વાસ્થ્ય કઇ રીતે જાળવવું તે અંગેનું પણ વિશદ વિવરણ છે. સદ્‌વૃત્ત દ્વારા આયુર્વેદમાં ઉચ્ચ નાગરિક બનવા અંગેનો બોધપાઠ પણ છે. આમ, આયુર્વેદ દ્વારા અનેક રસદર્શી વિષયોનું આજથી લગભગ બે બજાર વર્ષ પહેલાં તાદૃશ્ય નિરૂપણ કરેલ છે.

આજે આયુર્વેદમાં સમાવિષ્ટ એક એવા વિષય અંગે વાત કરીએ કે જે ખૂબ રસપ્રદ છે. આયુર્વેદમાં ગર્ભના વિકાસ અંગેનું વિસ્તૃત વર્ણન છે. ગર્ભાશયમાં સ્થિત ગર્ભ નવ મહિના દરમિયાન કઇ રીતે વિકાસ પામે છે અને તેની ગર્ભિણી પર શી અસર થાય છે તે અંગે આયુર્વેદમાં વર્ણન છે. ગર્ભના વિકાસ સંબંધી આ વર્ણન આધુનિક તબીબી શાસ્ત્રમાં દર્શાવેલ વર્ણન ને ઘણું ખરૂં સંબંધિત છે. આજથી બે હજાર વર્ષ પહેલાં કે, જ્યારે આવા કાંઇ અત્યાધુનિક ઉપકરણો ન હતા ત્યારે આવું વર્ણન કઇ રીતે શક્ય બન્યું હશે... આ બાબત વિચારીએ ત્યારે ઋષિ સંસ્કૃતિની મહત્તાનો ખ્યાલ આવે.

ગર્ભાવસ્થાના પ્રથમ માસે જીવ ગર્ભમાં આવી જાય છે. આની અનુભૂતિ પરોક્ષ રીતે ગર્ભિણીને થઇ જાય છે. પ્રથમ દસ દિવસ દરમિયાન ગર્ભ કલલ અવસ્થામાં રહે છે.

બીજા મહિને ગર્ભ ઘન સ્વરૂપ ધારણ કરે છે. ગર્ભ પીંડ જેવો બની જાય છે. શરીરના અંગો વિકસે છે. નાક, હાથ, પગ આદિનો આકાર બને છે. ગર્ભના જનનાંગોનો વિકાસ થાય છે. હાડકાં કઠણ બને છે. હૃદય સ્પંદનો સાંભળી શકાય છે.

ત્રીજા માસમાં ગર્ભમાં ચેતના, સ્પંદન તેમજ વેદનાનો અનુભવ થાય છે. ગર્ભના મનમાં સુખદુઃખ તેમજ પૂર્વજન્મોના સ્મરણોની અનુભૂતિ થાય છે. આંખના નેત્રો બંધ હોય છે પરંતુ કલલ એટલે કિચડ જેવું. ગર્ભના અવયવો કે જાતિ નક્કી થતા નથી વીસ દિવસ બાદ ગર્ભ વટાણા જેવડું બને છે. આકાર દેખાય છે ત્વચા ગુલાબી બને છે. આ મહિમાં ગર્ભિણીને 'બે હૃદયી' કહે છે.

ચોથા મહિનામાં ગર્ભની સ્થિરતા વધે છે. ગર્ભના આકાર અને વજનમાં વૃધ્ધિ થાય છે. ઇન્દ્રિયોની સક્રિયતા વધે છે. આ મહિનામાં ગર્ભિણીને વિશેષ મહોરથો થાય છે. ગર્ભવતીની ઇચ્છા પુરી કરવી જરૂરી છે. આથી ગર્ભિણીને તૃપ્તિ અનુભવાય છે. ગર્ભનું માથું મોટું થાય છે. માથામાં આછા વાળ તેમજ ત્વચા પર આછી રૂવાટી પણ જોવા મળે છે. શ્વાસોશ્વાસની અનિયમિતતા હોય છે.

પાંચમા મહિનામાં ગર્ભનું મન સક્રિય બને છે. ગર્ભ વધુ વજનદાર બને છે. માતા દ્વારા વધુ પોષણ મેળવે છે. ગર્ભિણી વધુકૃશ બને છે. ગર્ભના મનનો વિકાસ વધે છે. ગર્ભમાંથી નિકળતો સ્નેહ (રસ), ગર્ભલોમ અને અધિત્વચાના સંયોજનથી ગર્ભની ચારેય બાજુ ચીકણું રક્ષાત્મક કવચ બને છે, જેમાં ગર્ભ સુરક્ષિત રહે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)